અભિષેક શર્માની આ ઈનિંગ માત્ર ટીમની જીત માટે જ નહીં, પરંતુ તેના વ્યક્તિગત રેકોર્ડ માટે પણ યાદગાર બની છે. તેણે ૧૫ બોલમાં અડધી સદી અને ૩૫ બોલમાં સદી પૂરી કરી હતી. તેની આ વિસ્ફોટક ઈનિંગે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેની આક્રમક બેટિંગની ક્ષમતાને ફરી એકવાર ઉજાગર કરી છે.

વેલિંગ્ટનમાં મળેલી જીત સાથે ભારતે પાંચ મેચની T20 શ્રેણીમાં ૩-૦ની અજેય સરસાઈ મેળવી લીધી છે. શ્રેણીની હજુ બે મેચ બાકી છે, પરંતુ સતત ત્રણ જીત સાથે ભારતીય ટીમે શ્રેણી પોતાના નામે કરી લીધી છે.

ભારતીય ટીમના આ પ્રદર્શને ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ જગાવ્યો છે. અભિષેક શર્મા અને વૈભવ સૂર્યવંશીની જોડીની આક્રમક શરૂઆત તથા પાવરપ્લેમાં બનેલા ૧૧૮ રન આ મેચની સૌથી મોટી વિશેષતા બની રહ્યા છે.

વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થશે

(પ્રતિનિધિ) વલસાડ,
૩૧ ઓક્ટોબરના રોજ અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ અવસરે એકતાનગર ખાતે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી થશે. આ રાષ્ટ્રીય પર્વમાં જનજન જોડાઈ તેવા ભાવ સાથે વલસાડ જિલ્લાના તમામ ગામોમાં કાર્યક્રમો થશે. સાથે લોકો એકતાનગર ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ દરેક ગામમાં નિહાળી શકે તે માટે સ્થાનિક કક્ષાએ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે. જેના સુચારૂ આયોજન માટે કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. બેઠકમાં કાર્યક્રમને અનુલક્ષીને તમામ વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. વાપી મહાનગરપાલિકા તેમજ નગરપાલિકાઓમાં પણ વિશેષ કાર્યક્રમ થશે. બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરે અધિકારીઓને કાર્યક્રમનું સમયબદ્ધ, સુવ્યવસ્થિત અને જનભાગીદારી સાથે આયોજન કરવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમ સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા, પીવાનું પાણી, પ્રાથમિક આરોગ્ય સહિત આનુષંગિક વ્યવસ્થાઓ અગાઉથી જ સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. નાયબ જિલ્લા વિકાસ અધિકારી અશોક ડાંગીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, વલસાડ જિલ્લાના ૪૫૮ તમામ ગામોમાં એકતાની ભાવના સાથે કાર્યક્રમો થશે. સૌ પ્રથમ એકતા રેલી યોજાશે. સાંજે ૫-૦૦ વાગે શરૂ થનારા કાર્યક્રમમાં ગામના વિશિષ્ટ સિધ્ધી મેળવી હોય તેવા લોકોનું સન્માન પણ કરવામાં આવશે. ત્યારબાદ વડાપ્રધાનશ્રીનું સંબોધન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું જીવન પ્રસારણ રાત્રિના ૮-૦૦ વાગ્યા સુધી નિહાળી શકાશે. આ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, ખેડૂતો, ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર કે.એસ.ડાભી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. જયારે અન્ય અધિકારીઓ ઓનલાઈન બેઠકમાં જોડાયા હતા.

ગોવિંદગુરુ યુનિવર્સિટીના ભવ્ય મંચ પર 'કાવ્ય હેલી'માં ગુંજશે ગુજરાતી સાહિત્યનો સૂર

(પ્રતિનિધિ) ગોધરા,
શબ્દોની સુવાસ, ગઝલની ભીનાશ, કવિતાની સંવેદના અને સર્જનાત્મક અભિવ્યક્તિના વિવિધ રંગોનો સંગમ એટલે 'કાવ્ય હેલી'. ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જકોની કલમમાંથી પ્રગટતી લાગણીઓ જ્યારે પ્રતિષ્ઠિત યુનિવર્સિટીના ભવ્ય મંચ પરથી ગુંજશે, ત્યારે સાહિત્યપ્રેમીઓ માટે એક યાદગાર કાવ્યસંધ્યાનો અનુભવ સર્જાશે. શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી, વિંઝોલ, શ્રી અન્નપૂર્ણા ટ્રસ્ટ, ગોધરા તથા ૐ ગુજરાતી ચેનલના સંયુક્ત ઉપક્રમે મંગળવાર, તા. ૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટી ખાતે 'કાવ્ય હેલી' કવિ સંમેલન યોજાશે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટીના કુલપતિ હરિભાઈ કાતરિયા ઉપસ્થિત રહેશે. શૈક્ષણિક સંસ્થાના વિશાળ ફલક પર સાહિત્યિક સર્જનને સ્થાન આપતી આ પહેલ ગુજરાતી ભાષા, કવિતા અને ગઝલના ચાહકો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. શ્રી અન્નપૂર્ણા ટ્રસ્ટના મંત્રી ડૉ. કુમાર જૈમિની શાસ્ત્રીના માર્ગદર્શન અને સાહિત્ય પ્રત્યેના ઊંડા લગાવ સાથે આયોજિત આ કાર્યક્રમને ટ્રસ્ટના ઉપપ્રમુખ નિતેશ એસ. પરીખ, યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અનિલ સોલંકી તથા ૐ ગુજરાતી ચેનલના હેડ જયેન્દ્ર મિલવારનો સહયોગ પ્રાપ્ત થયો છે. સાહિત્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સંસ્થાઓ વચ્ચે રચાયેલો આ સમન્વય ગુજરાતી સર્જનાત્મકતાને વધુ વ્યાપક શ્રોતાવર્ગ સુધી પહોંચાડવાની દિશામાં નોંધપાત્ર બની રહેશે. ફ. આ પ્રસંગે કાવ્યજગતના જાણીતા સર્જકો નરેન્દ્ર જોશી, કૌશિક પટેલ 'પ્રવાસી' દિલીપસિંહ પુવાર, વનરાજસિંહ સોલંકી,, ભરત દેસાઈ 'સ્પંદન', રિનલ પટેલ અને ભરત ભટ્ટ 'પવન'



પોતાની આગવી રચનાઓ સાથે ઉપસ્થિત રહેશે. દરેક સર્જકની અભિવ્યક્તિમાં જીવનના અનુભવો, લાગણીઓ, સંબંધોની સંવેદના અને સામાજિક ચેતનાના વિવિધ આયામો પ્રગટશે. ગઝલની નજાકત, કવિતાની કલાત્મકતા અને શબ્દોની અસરકારક રજૂઆત દ્વારા શ્રોતાઓને ગુજરાતી સાહિત્યના વૈવિધ્યસભર વિશ્વનો આસ્વાદ માણવા મળશે. કાર્યક્રમનું સંચાલન જાણીતા કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' કરશે. કાવ્યપ્રસ્તુતિની સમજ, શબ્દો સાથેનો આત્મીય નાતો અને મંચને જીવંત બનાવતી સંચાલનશૈલી દ્વારા તેઓ સમગ્ર કાર્યક્રમને સુસંગત અને કાવ્યમય પ્રવાહ આપશે. 'કાવ્ય હેલી' માત્ર કવિ સંમેલન નહીં, પરંતુ ગુજરાતી ભાષાની સમૃદ્ધ પરંપરા, સર્જકોની કલ્પનાશક્તિ અને શ્રોતાઓની સાહિત્યિક સંવેદનાને એકસાથે જોડતો ઉત્સવ બની રહેશે.

ઇ-હરાજી સૂચના

પૂરથી પ્રભાવિત આશરે ૯૨,૦૧૧ કિલો પેપર રીલ્સ (RM), આશરે ૧૦,૬૪૧ કિલો પેપર શીટ્સ (FG) અને આશરે ૫,૮૦૦ કિલો કાપેલા પેપર શીટ્સ (WIP)

રસ ધરાવતા ખરીદદારોને "પ્રતિ કિલો" ધોરણે પૂરથી પ્રભાવિત આશરે ૯૨,૦૧૧ કિલો પેપર રીલ્સ (RM), આશરે ૧૦,૬૪૧ કિલો પેપર શીટ્સ (FG) અને આશરે ૫,૮૦૦ કિલો કાપેલા પેપર શીટ્સ (WIP) ના નિકાલ માટે ઇ-હરાજીમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવે છે. વિષય બચાવ "જેમ છે તેમ જ્યાં છે", "ગમે ત્યાં છ" અને "કોઈ ફરિયાદ નથી" ના આધારે વેચવામાં આવશે અને તે **મેસર્સ ઓમ શ્રી ટ્રેડર્સની** માલિકીની છે. વિષય વસ્તુનું નિરીક્ષણ પ્લોટ નંબર ૪૫૧-૪૫૫, વિકાસ ટેક્સો પાર્ક, ગામ: હાથોરા, કિમ, ગુજરાત - ૩૯૪૪૦૫ ખાતે **૨૮-૧૦-૨૬ થી ૦૪-૧૧-૨૬** દરમિયાન **સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી** કામકાજના દિવસોમાં કરી શકાય છે. નિરીક્ષણ માટે કૃપા કરીને **શ્રી રાજ કુમારનો ૯૮૨૪૭૧૦૪૩૮** પર સંપર્ક કરો.

ઈ-હરાજી ૦૫-૧૧-૨૬ ના રોજ યોજાશે

ઈ-ઓક્શનના નિયમો અને શરતો ધરાવતું ફોર્મ મેળવવા માટે કૃપા કરીને **શ્રી અનુપ કુમાર**નો **૮૯૨૮૨૯૩૧૫૬** પર સંપર્ક કરો અથવા વેબસાઇટ **https://www.sealthedeal.co.in/** પરથી ડાઉનલોડ કરો.

હરાજી કરનારાઓ: સીલ ધ ડીલ
જેની રજિસ્ટર્ડ ઓફિસ ૫મો માળ,
ઓફિસ નં.૨, કિંગ્સ મોલ,
રોહિણી સેક્ટર-૧૦, દિલ્હી - ૧૧૦૦૮૫.

ફોર્મ અને EMD ડિમાન્ડ ડ્રાફ્ટ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૦૪-૧૧-૨૬ છે.

સાબરડેરી નજીકથી કુટણખાનું પકડાયું

(પ્રતિનિધિ) હિંમતનગર ,હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગેસ્ટ હાઉસની આડમાં સ્પા સેન્ટરના નામે કુટણખાના ચાલી રહયા છે જેને સત્વરે બંધ કરાવવા માટે અનેક વખત જાગૃત નાગરીકોએ પોલીસ તંત્રને રજુઆત કરી હોવા છતાં પોલીસની જાણ બહાર કેટલાક તત્વો કુટણખાના ચલાવી રહયા છે. દરમ્યાન એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટએ બાતમીને આધારે સોમવારે સાબરડેરી નજીક ભાડાના મકાનમાં ચાલતા દેહવેપારના કૌભાંડનો પર્દાફાશ કરીને રૂ.૬ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ એક યુવતીને દેહવેપારમાંથી મુક્ત કરાવી હતી. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર-પ્રાંતિજ રોડ પર સાબરડેરી નજીક આવેલ એક કોલેજ પાસેના વ્હાઈટ હાઉસમાં ભાડાના મકાનમાં છેલ્લા કેટલાક સમયથી ડુંગરપુર જિલ્લાના નાદીયા ગામના રાજેન્દ્ર ગૌરીશંકર ડુંગર કુટણખાનું ચલાવતો હતો જે બાતમીને આધારે એએચટીયુ દ્વારા સોમવારે ડમી ગ્રાહક મોકલીને ખરાઈ કરી હતી ત્યારબાદ પોલીસની ટીમે દેહવેપારની પ્રવૃત્તિ ચાલતી હોવાનું ધ્યાને આવતાં તપાસ દરમ્યાન એન્ટ્રી ફી પેટે રૂ.૧૦૦૦ રોકડા લઈને દેહસુખ માણવા આવતા ગ્રાહકને યુવતીઓ સાથે મુલાકાત કરાવાતી હતી.

પશ્ચિમ રેલવે-અમદાવાદ મંડળ

ટેમ્પિંગ યુનિટોનું રિકન્ડિશનિંગ / ઓવરહોલિંગ

ઈ-ટેન્ડર નોટિસ નંબર 5A 2026-27, તારીખ 26.10.2026; કામનું નામ: વર્ષ 2026-27 માટે CPOH ADI ખાતે POH દરમિયાન પ્લાસર (Plasser) મેકની પ્લેન ટ્રેક ટેમ્પિંગ મશીનો, જેમ કે CSM / WST / DUOMATIC તથા CSM-3X / HOT-3X / DTE ના ટેમ્પિંગ યુનિટોનું રિકન્ડિશનિંગ / ઓવરહોલિંગ કરવાનું કામ. આ મશીનો CR, WCR, NWR અને WR ઝોનમાં કાર્યરત છે; **ટેન્ડર નંબર:** CWMCPOHADI 2026-27-5A; **જાહેરાત કરાયેલ ટેન્ડરની અંદાજિત કિંમત:** ₹ 40,38,59,317.56/-; **અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) રકમ:** ₹ 80,77,200.00/-; **ટેન્ડર બંધ થવાની તારીખ:** 26/11/2026 ના રોજ 15:00 કલાકે; **ટેન્ડર ખોલવાની તારીખ:** 26/11/2026 ના રોજ 15:15 કલાકે; **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** 26.10.2026 ADI – 194

અમને લાઈક કરો: facebook.com/WesternRly

અમરેલીમાં સાહિત્ય સર્જક પરિવારની ગોષ્ઠિ

અમરેલી,
અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના સ્થાપક પ્રમુખ ડો. પ્રતાપભાઈ પંડ્યા, સાહિત્ય ગોષ્ઠિ સર્જક પરિવાર દ્વારા પ્રમુખ મનીષાબેન પંડ્યા પ્રેરિત અને વરિષ્ઠ કવિ ઉમેશભાઈ જોષીથી પ્રોત્સાહિત સાહિત્ય ગોષ્ઠિ રમાબેન પંડ્યા હોલમાં યોજાઈ ગઈ. બેઠકના પ્રારંભે સંયોજક પરેશ મહેતાએ સહુને આવકારી બેઠકના હેતુ વિશે અને સંસ્થાની પ્રવૃત્તિની માહિતી આપી. ઉપસ્થિત વરિષ્ઠ સાહિત્યકાર રવજીભાઈ કાચા, યુવા સાહિત્યકાર ડો. કેતન કાનપરિયા સહિત સર્જકો સલીમ શેખ, ફિરોજ હસનાની, કનુભાઈ લીંબાચીયા, જોગીન રાવ, ભારતીબેન પંડ્યા, સુભાષભાઈ વ્યાસ વગેરેએ કાવ્ય પ્રસ્તુતિ, વાર્તા પઠન ભાવક સંવેદન, પુસ્તક પરિચય, મુકેશના ગીતની સૂર પ્રસ્તુતિ કરી હતી. બેઠકનું સંચાલન સંયોજક સર્જક પરેશ મહેતાએ કર્યુ હતું. વરિષ્ઠ સર્જક ઉમેશભાઈ જોષી, કેતન જોષી, કાશ્મીરાબેન ભટ્ટ, વિમલ મહેતા, ડો કાલીન્ડ પરીખ, નવીન જોશી વગેરે હાજર હતા.

બાલસખા પરિવારનું ૧૦ જાન્યુઆરીએ અમદાવાદમાં યોજાશે ભવ્ય સ્નેહમિલન

અમદાવાદ,
સમય બદલાયો, વર્ષો વીત્યાં, બાળપણની શેરીઓ છૂટી ગઈ અને જીવનની દોડધામમાં સૌ પોતપોતાના પરિવારો સાથે અલગ અલગ સ્થળે વસવાટ કરવા લાગ્યા; પરંતુ બાળપણની નિર્દોષ મિત્રતા, પોળની ગલીઓમાં વિતાવેલી અમૂલ્ય ક્ષણો અને હૃદયમાં વસેલી જૂની યાદો આજે પણ એટલી જ જીવંત છે. આ જ લાગણીને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે અમદાવાદના જૂના કોટ વિસ્તારની પોળો સાથે જોડાયેલા બાળપણના મિત્રોએ 'બાલસખા પરિવાર'ના નેજા હેઠળ ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કર્યું છે.



આ સ્નેહમિલન આગામી રવિવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ AMC કમ્યુનિટી હોલ, ચાંદલોડિયા, અમદાવાદ ખાતે યોજાશે. આ કાર્યક્રમ માત્ર મિલનનો પ્રસંગ નથી, પરંતુ બાળપણની મિત્રતાને ફરી જીવંત કરવાનો, જૂની પેઢીના સંસ્કારોને નવી પેઢી સુધી પહોંચાડવાનો અને વર્ષોથી વિખૂટા પડેલા સંબંધોને પ્રેમના તાંતણે ફરી બાંધવાનો એક હૃદયસ્પર્શી પ્રયાસ છે.

પટેલની પોળ, છગનભાઈ ચંદની ખડકી, દપટની ખડકી, બકરી પોળ અને જાગૃત પોળ સાથે સંકળાયેલા પરિવારોને એકસૂત્રે બાંધવાના આ પ્રયાસમાં પોળની પરિણીત બહેનો, કુંવારી દીકરીઓ, ૬૫ વર્ષથી વધુ વયના વડીલ ભાઈઓ-બહેનો તથા ૬૫ વર્ષથી વધુ વયના પોળના જમાઈઓનું સન્માન કરવામાં આવશે.

આજના સમયમાં જ્યારે સામાજિક સંબંધો અને પરંપરાગત સંસ્કારોને જાળવી રાખવાની જરૂરિયાત અનુભવાય છે, ત્યારે વડીલોને માન આપવું, દીકરીઓ અને બહેનોનું ગૌરવ વધારવું તથા જમાઈઓને પરિવારના અભિન્ન અંગ તરીકે સન્માનિત કરવા જેવી પહેલ ભારતીય સંસ્કૃતિની ઉમદા પરંપરાને ઉજાગર કરે છે.

બાલસખા પરિવાર દ્વારા તા. ૭ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ આયોજિત અગાઉના સ્નેહમિલનમાં અંદાજે ૨૨૭ પરિણીત બહેનો, ૬૬ કુંવારી દીકરીઓ અને ૭૦ જેટલા વડીલ ભાઈઓ-બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

AHMEDABAD MUNICIPAL TRANSPORT SERVICE
Transport House,Outside Jamalpur gate,
Jamalpur,Ahmedabad 380022,
Gujarat,india.

REQUEST FOR PROPOSAL (RFP) for Selection of Agency for Supply / providing of technical staff for Ahmedabad Municipal Transport Service (AMTS) (3rd Call).

Ahmedabad Municipal Transport Service (AMTS) invites proposals from duly qualified interested parties for Selection of Agency for Supply / providing of technical staff for Ahmedabad Municipal Transport Service (AMTS) (3rd Call). Interested parties may download RFP from websitehttps://tender.nprocure.com / from Dt. 28.10.2026.

Sd/- Dy.MunicipalCommissioner/TransportManager

Ahmedabad Municipal Transport Service
Central Office-Transport House, Jamalpur, Ahmedabad-380022

COMMAND AND CONTROL CENTRE, E-SHORT TENDER NO C & C 1 (2026-27)

To Purchase Thermal Ticket Roll Through E-Short tender No C & C1 (2026-27), Offer to be Submitted only online.	**All details of E-Short tender with terms conditions are available on websites as below. https://tender.nprocure.com**

Tender rates must be quoted only online on
https://tender.nprocure.com, up to 5.00 p.m. on date 06/11/2026

For Complain/Suggestion regarding A.M.T.S PI Dial on Toll Free No- 18002330881

Whats App No: 7069015735 **Published by: A.M.T.S**

અમદાવાદમાં જિજ્ઞેશ પટેલ લિખિત ત્રણ પ્રેરણાદાયી પુસ્તકોનું ભવ્ય વિમોચન કરાયું

અમદાવાદ,
જીવનની સફરમાં જ્યારે પણ આશાનું નવું કિરણ શોધવું હોય કે મનમાં સકારાત્મકતાનો સંચાર કરવો હોય, ત્યારે એક ઉત્તમ પુસ્તક જ સાચા મિત્ર અને માર્ગદર્શકની ભૂમિકા ભજવે છે. 'મંતવ્ય ન્યૂઝ ૨૪૮૭'ના ઝસ્ઠ શ્રી જિજ્ઞેશ પટેલ દ્વારા લિખિત ત્રણ પ્રેરણાદાયી પુસ્તકો માત્ર વાચન પૂરતાં સીમિત નથી, પરંતુ દરેક પેઢીની વ્યક્તિ માટે જીવનને ઉત્સાહથી જીવવા અને દરેક પરિસ્થિતિમાં આગળ વધવાનો એક નક્કર 'રોડમેપ' છે. આ પુસ્તકોનો ભવ્ય વિમોચન સમારોહ 'મનની વાત, મંતવ્ય રૂપે - A Conversation of Thoughts, Stroies, and Perspectives" થીમ હેઠળ સોમવાર, ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ ગરિમામય કાર્યક્રમનું આયોજન 'મંતવ્ય ન્યૂઝ ૨૪૮૭', 'આદર્શ પ્રકાશન'(Estd. ૧૯૪૩), 'કર્મા ફાઉન્ડેશન' અને 'ગુજરાતી બુક ક્લબ'ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકીય, સામાજિક અને સાહિત્ય ક્ષેત્રના અનેક ગણમાન્ય મહાનુભાવો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર શ્રી સંજયભાઈ રાવલ અને જાણીતાં આર.જે. દેવકીએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી તથા પોતાના વરદ્ હસ્તે પુસ્તકોનું વિમોચન કર્યું હતું.

સૂચના DSP MUTUAL FUND

ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા સંચાલિત આગામી ઇન્વેસ્ટર જાગરુકતા પ્રોગ્રામ ('આઇએપી')ની આ સાથે સૂચના આપવામાં આવે છે. આઇએપીની વિગતો નીચે મુજબ છે:

દિવસ અને તારીખ	સરનામું	સમય
Wednesday, 28th October 2026	Shivanand Arcade, Borisana Road, Sitaram Nagar, Kalol, Borishana, Gujarat 382721	7:00 PM

તમામ આઇએપી વિશેની અદ્યતન જાણકારી માટે મુલાકાત લો dspim.com/IAP an અને અન્ય તમામ ઘટસ્ફોટ માટે મુલાકાત લો dspim.com/IEID. ડીએસપી મ્યુચ્યુઅલ ફંડ દ્વારા રોકાણકારના શિક્ષણ અને જાગરુકતા માટેનું પગલું. **મ્યુચ્યુઅલ ફંડમાંનાં રોકાણો બજારનાં જોખમોને આધીન છે, યોજના સંબંધિત બધા દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

ગોદરેજ કેપિટલે ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઇનાન્સમાં તેની ઉપસ્થિતિ મજબૂત કરી

સુરત, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ ગ્રુપની ફાઈનાન્સિયલ સર્વિસિસ શાખા ગોદરેજ કેપિટલે તેની પેટા કંપની ગોદરેજ હાઉસિંગ ફાઇનાન્સ દ્વારા અંકલેશ્વર અને વાપીમાં વિસ્તરણ કરીને ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઈનાન્સમાં તેની ઉપસ્થિતિને મજબૂત કરી છે તેમજ રાજ્યમાં ઉચ્ચ-સંભાવનાઓ ધરાવતા ઇન્ડસ્ટ્રીયલ અને રેસિડેન્શિયલ માર્કેટ્સ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

અંકલેશ્વર અને વાપી દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર (ડીએમઆઈસી) સાથે તેમના વ્યૂહાત્મક સ્થાન તેમજ એશિયાના સૌથી મોટા ઔદ્યોગિક વસાહતોમાં સ્થાન હોવાને કારણે મુખ્ય ઈન્ડસ્ટ્રીયલ અને રેસિડેન્શિયલ કેન્દ્ર તરીકે ઝડપથી ઉભરી રહ્યા છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન આ બંને શહેરોમાં સમર્પિત સ્ટેશનો અને નેશનલ હાઈવે ૪૮ના વિસ્તરણ સહિત મોટાપાયે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ દ્વારા આ પ્રદેશમાં રેસિડેન્શિયલ માગમાં વધારો થઈ રહ્યો છે. આ પ્રોજેક્ટ્સથી પ્રાદેશિક જોડાણમાં નોંધપાત્ર વધારો થવાની અને ડુંગરા અને જીઆઈડીસી એક્સટેન્શન જેવા આસપાસના માઇક્રો-માર્કેટ્સમાં રેસિડેન્શિયલ માગ અનલોક થવાની આશા છે.

આ વિસ્તરણ અંગે પ્રતિક્રિયા આપતાં ગોદરેજ હાઉસિંગ ફાઇનાન્સના એમડી અને સીઈઓ મેહરનોશ ટાટાએ કહ્યું હતું કે, "અમે સમગ્ર ગુજરાતમાં હાઉસિંગ ફાઇનાન્સની માગમાં વૃદ્ધિ જોઈ રહ્યાં છીએ અને વિશેષ કરીને એવાં માર્કેટ્સમાં કે જ્યાં આવકમાં વધારો અને એફોર્ડેબિલિટીમાં સુધારાથી વધુ પરિવારો ઘર ખરીદવા પ્રોત્સાહિત થઈ રહ્યાં છે. અમારું વિસ્તરણ આ માર્કેટ્સમાં ઉપલબ્ધ તકો તથા ગ્રાહકોને સરળ, સુવિધાજનક અને તેમની જરૂરિયાત મૂજબના સોલ્યુશન્સ સાથે સેવા પ્રદાન કરવાની અમારી કટીબદ્ધતા દર્શાવે છે. અમે સમગ્ર રાજ્યમાં અમારી ઉપસ્થિતિ વધારી રહ્યાં છીએ ત્યારે અમારું ધ્યાન જવાબદારીથી ઘર ખરીદવા તથા સુવિધાજનક ધિરાણ અનુભવ ડિલિવર કરવા ઉપર કેન્દ્રિત છે."

Disclaimer

"Readers are requested to verify and make appropriate inquiries to satisfy themselves about the veracity of an advertisement before responding. The Publisher, Printer, Owner, or Editor of **WESTERN TIMES** does not vouch for the authenticity of any advertisement or advertiser's products/services. This includes the accuracy of any financial results or figures provided by the Directors of listed or unlisted companies. Readers must independently verify all details. In no event can the publication be held liable for any damages or claims arising out of these advertisements."

INDO CREDIT CAPITAL LIMITED

CIN: L65910GJ1993PLC020651
Regd.Off.:304, Kaling, B/h. Bata Show Room, Nr. Mt. Carmel School, Ashram Road, Ahmedabad 380009
www.indocreditcapital.com **email:** indocredit@rediffmail.com **Tele Fax:** 079-26580366

Extract of Unaudited Financial Results for the Quarter ended 30th September, 2026

(Rs. In Lacs)

PARTICULARS	Quarter Ended 30/09/2026 (unaudited)	Year Ended 31/03/2026 (Audited)	Quarter Ended 30/09/2025 (unaudited)
Total income from operations (net)	0.00	28.09	8.75
Net Profit / (Loss) from ordinary activities after tax	-9.56	6.08	3.41
Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items)	-9.56	6.08	3.41
Equity Share Capital	723.08	723.08	723.08
Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year)	-135.34 (As on 31-03-2026)	-135.34 (As on 31-03-2026)	-141.42 (As on 31-03-2025)
Earnings Per Share (before extraordinary items) (Rs.10/- each) Basic: (Rs.) Diluted (Rs.)	(0.13) (0.13)	0.08 0.08	0.05 0.05
Earnings Per Share (After extraordinary items) (Rs.10/- each) Basic: (Rs.) Diluted (Rs.)	(0.13) (0.13)	0.08 0.08	0.05 0.05

Note:
1. The aforesaid results of the Company were reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 27th October, 2026.
2. The above is an extract of the detailed format of Quarterly & Half Yearly Financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, www.bseindia.com and on company's website www.indocreditcapital.com.
3. The Previous year/period figures have been regrouped/rearranged, wherever necessary to make them comparable with the current period figures.

Date : **27/10/2026**
Place : **Ahmedabad**

For and On Behalf of the Board of Directors
INDO CREDIT CAPITAL LIMITED
Ramkaran Mangachand Saini
Whole Time Director
(DIN: 00439446)

ગુજરાત ક્રેડિટ કોર્પોરેશન લિમિટેડ

CIN : L72900GJ1993PLC020564 | રજી. ઓફિસ : એ/૧૧૫, સિદ્ધિ વિનાયક ટાવર્સ, ડીસીપી કચેરી પાછળ, મકરબા, અમદાવાદ – ૩૮૦૦૫૧.
ફોન : +91 - 98250 12917, ઈ–મેઈલ : gujaratcredit@gmail.com, વેબસાઈટ : www.gccl.co.in

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક ગાળા માટેના અણઓડિટ કરેલા એકત્રિત નાણાકીય પરિણામોનો સારાંશ

રૂા. લાખમાં (ઇપીએસ સિવાય)

ક્રમ નં.	વિગત	પૂરો થયેલ ત્રિમાસિક ગાળો			પૂરો થયેલ અર્ધવાર્ષિક ગાળો		પૂરો થયેલ વર્ષ
		30.09.2026 (અનઓડિટેડ)	30.06.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	30.09.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	31.03.2026 (ઓડિટેડ)
1	કામગીરીમાંથી કુલ આવક	-	-	-	-	-	-
2	સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં)	1.10	(7.70)	(8.49)	(6.60)	(17.54)	1.77
3	કર પહેલાં સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)	1.10	(7.70)	(8.49)	(6.60)	(17.54)	1.77
4	કર પછી સમયગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)	1.10	(7.70)	(8.49)	(6.60)	(17.54)	1.77
5	સમયગાળા માટેની કુલ વ્યાપક આવક (સમયગાળા માટેનો નફો (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) સહિત)	(5.08)	(7.04)	(23.12)	(12.12)	(40.01)	7.93
6	ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડી (શેર દીઠ દાર્શનિક કિંમત રૂ. ૧૦/-)	300.00	300.00	850.00	300.00	850.00	300.00
7	અન્ય ઇક્વિટી	-	-	-	-	-	867.98
8	શેરદીઠ કમાણી (દરેક રૂ. ૧૦/- ના શેર દીઠ) : (અ) મૂળભૂત રૂા. (બ) શેર દીઠ રૂા.	(0.16) (0.16)	(0.27) (0.27)	(0.27) (0.27)	(0.43) (0.43)	(0.47) (0.47)	0.10 0.10

નોંધ : (૧) ઓડિટ સમિતિ દ્વારા ઉપરોક્ત નાણાકીય પરિણામોની સમીક્ષા કરવામાં આવી છે અને ભલામણ કરવામાં આવી છે અને ત્યારબાદ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં તેને મંજૂર કરવામાં આવ્યા છે. **(૨)** આ નાણાકીય પરિણામો કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ હેઠળ નિર્ધારિત ઇન્ડિયન એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ અને તે હેઠળના સંબંધિત નિયમો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. **(૩)** ચાલુ વર્ષ/ત્રિમાસિક ગાળાના આંકડાઓ સાથે સુસંગત કરવા માટે જરૂરિયાત મુજબ અગાઉના સમયગાળા/ત્રિમાસિક ગાળાના આંકડાઓને પુનઃ ગોઠવવામાં / પુનઃવર્ગીકૃત કરવામાં આવ્યા છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૬.૧૦.૨૦૨૬

ગુજરાત ક્રેડિટ કોર્પોરેશન લિમિટેડ
બોર્ડ માટે અને વતી
અમમ શ્રેયાંસ શાહ
મેનેજિંગ ડિરેક્ટર | (DIN : 01617245)

ગુજરાત ક્રેડિટ કોર્પોરેશન લિમિટેડ

CIN : L72900GJ1993PLC020564 | રજી. ઓફિસ : એ/૧૧૫, સિદ્ધિ વિનાયક ટાવર્સ, ડીસીપી કચેરી પાછળ, મકરબા, અમદાવાદ – ૩૮૦૦૫૧.
ફોન : +91 - 98250 12917, ઈ–મેઈલ : gujaratcredit@gmail.com, વેબસાઈટ : www.gccl.co.in

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકીય પરિણામોનો અંશ

રૂા. લાખમાં (ઇપીએસ સિવાય)

ક્રમ નં.	વિગત	પૂરો થયેલ ત્રિમાસિક ગાળો			પૂરો થયેલ અર્ધવાર્ષિક ગાળો		પૂરો થયેલ વર્ષ
		30.09.2026 (અનઓડિટેડ)	30.06.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	30.09.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	31.03.2026 (ઓડિટેડ)
1	કામગીરીમાંથી કુલ આવક	-	-	-	-	-	-
2	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ)	1.10	(7.70)	(8.49)	(6.60)	(17.54)	1.77
3	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી)	1.10	(7.70)	(8.49)	(6.60)	(17.54)	1.77
4	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પછી)	1.10	(7.70)	(8.49)	(6.60)	(17.54)	1.77
5	સમયગાળા માટેની કુલ વ્યાપક આવક (સમયગાળા માટેનો નફો (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) સહિત)	0.88	(6.17)	(8.58)	(5.29)	(16.91)	1.26
6	ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડી (શેર દીઠ દાર્શનિક કિંમત રૂ. ૧૦/-)	300.00	300.00	850.00	300.00	850.00	300.00
7	અન્ય ઇક્વિટી	-	-	-	-	-	953.63
8	શેરદીઠ કમાણી (દરેક રૂ. ૧૦/- ના શેર દીઠ) : (અ) મૂળભૂત રૂા. (બ) શેર દીઠ રૂા.	0.04 0.04	(0.24) (0.24)	(0.09) (0.09)	(0.21) (0.21)	(0.20) (0.20)	0.02 0.02

નોંધ : (૧) નાણાકીય પરિણામોની સમીક્ષા અને ભલામણ ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ત્યારબાદ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ડિરેક્ટર બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. **(૨)** નાણાકીય પરિણામો કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ અને તેના હેઠળના સંબંધિત નિયમો હેઠળ નિર્ધારિત ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ ("ઇન્ડ એએસ") અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. **(૩)** ચાલુ વર્ષ/ક્વાર્ટરના આંકડાઓ સાથે પુષ્ટિ કરવા માટે, અગાઉના સમયગાળા/ક્વાર્ટરના આંકડાઓને જ્યાં જરૂર હોય ત્યાં ફરીથી ગોઠવવામાં/ફરીથી જૂથબદ્ધ કરવામાં આવ્યા છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૬.૧૦.૨૦૨૬

ગુજરાત ક્રેડિટ કોર્પોરેશન લિમિટેડ
બોર્ડ માટે અને વતી
અમમ શ્રેયાંસ શાહ
મેનેજિંગ ડિરેક્ટર | (DIN : 01617245)

જીસીસીએલ કન્સ્ટ્રક્શન એન્ડ રિયાલિટીઝ લિમિટેડ

(CIN : L45201GJI994PLC023414) રજી. ઓફિસ : એ/૧૧૫, સિદ્ધિ વિનાયક ટાવર્સ, ડીસીપી કચેરી પાછળ, મકરબા, અમદાવાદ – ૩૮૦૦૫૧. ફોન : 9825012917, ઈ–મેઈલ: gcclconstructionrealities@gmail.com

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક ગાળા માટેના અણઓડિટ કરેલા નાણાકીય પરિણામોનું પત્રક

(શેર દીઠ વિગત સિવાયની તમામ રકમ રૂ. લાખમાં)

ક્રમ નં.	વિગત	પૂરો થયેલ ત્રિમાસિક ગાળો			પૂરો થયેલ અર્ધવાર્ષિક ગાળો		પૂરો થયેલ વર્ષ
		30.09.2026 (અનઓડિટેડ)	30.06.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	30.09.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	31.03.2026 (ઓડિટેડ)
1	કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	38.60	48.60	36.83	87.20	65.02	141.60
2	ગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં)	43.94	34.53	43.75	78.47	53.05	134.08
3	કરવેરા પહેલાં ગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં)	43.94	34.53	43.75	78.47	53.05	134.08
4	કરવેરા પછી ગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)	29.68	24.82	30.98	54.50	36.23	92.91
5	ગાળા માટેની કુલ વ્યાપક આવક (ગાળા માટેનો નફો/ (નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી) સહિત)	(83.02)	(21.72)	97.44	(104.74)	31.74	136.30
6	ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડી (દરેક શેરની દાર્શનિક કિંમત રૂ. ૧૦/-)	1,200.14	1,200.14	1,200.14	1,200.14	1,200.14	1,200.14
7	અન્ય ઇક્વિટી	-	-	-	-	-	1351.07
8	શેર દીઠ કમાણી (દરેક રૂ. ૧૦/- ના શેર દીઠ) : (અ) મૂળભૂત શેરદીઠ કમાણી (બ) શેર દીઠ ધીમી કમાણી	0.25 0.25	0.21 0.21	0.26 0.26	0.45 0.45	0.30 0.30	0.77 0.77

નોંધ : (૧) ઉપરોક્ત અનઓડિટેડ નાણાકીય પરિણામો કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની કલમ ૧૩૩ અને કંપનીઓ (ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમો, ૨૦૧૫ ના નિયમ ૩ હેઠળ સમયાંતરે સુધારેલા ભારતીય એકાઉન્ટિંગ ધોરણો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. **(૨)** ઉપરોક્ત અનઓડિટેડ નાણાકીય પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી દ્વારા કરવામાં આવી હતી અને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ ના સંદર્ભમાં ડિરેક્ટર બોર્ડ દ્વારા રેકોર્ડ પર લેવામાં આવ્યા હતા. સ્ટેટ્યુટરી ઓડિટર્સે એક અયોગ્ય નિષ્કર્ષ વ્યક્ત કર્યો છે. **(૩)** કંપનીની વ્યવસાયિક પ્રવૃત્તિ રિયલ એસ્ટેટના બિલ્ડિંગ અને કન્સ્ટ્રકશન્સ, "સિવિલ એન્જિનિયરિંગ" ના સિંગલ ઓપરેટિંગ બિઝનેસ સેગમેન્ટમાં આવે છે. **(૪)** વર્તમાન સમયગાળાના વર્ગીકરણની પુષ્ટિ કરવા માટે, જ્યાં જરૂરી હોય ત્યાં, અગાઉના સમયગાળાના આંકડાઓને ફરીથી જૂથબદ્ધ / ફરીથી વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

જીસીસીએલ કન્સ્ટ્રક્શન એન્ડ રિયાલિટીઝ લિમિટેડ માટે
સહી/-
દેવાંગ કે ઝવેરી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૬.૧૦.૨૦૨૬
હોલ ટાઈમ ડિરેક્ટર | [DIN : 02372402]

જીસીસીએલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ પ્રોજેક્ટ્સ લિમિટેડ

(CIN : L45400GJ1994PLC023416) રજી. ઓફિસ : એ/૧૧૫, સિદ્ધિ વિનાયક ટાવર્સ, ડીસીપી કચેરી પાછળ, મકરબા, અમદાવાદ – ૩૮૦૦૫૧. ફોન : ૦૭૯–૨૯૭૦૩૧૩૧, ઈમેઈલ: info@gcclinfra.com

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક ગાળા માટેના અણઓડિટ કરેલા નાણાકીય પરિણામોનું પત્રક

(શેર દીઠ વિગત સિવાયની તમામ રકમ રૂ. લાખમાં)

ક્રમ નં.	વિગત	પૂરો થયેલ ત્રિમાસિક ગાળો			પૂરો થયેલ અર્ધવાર્ષિક ગાળો		પૂરો થયેલ વર્ષ
		30.09.2026 (અનઓડિટેડ)	30.06.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	30.09.2026 (અનઓડિટેડ)	30.09.2025 (અનઓડિટેડ)	31.03.2026 (ઓડિટેડ)
1	કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી)	-	-	-	-	-	-
2	ગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (કરવેરા, અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં)	(13.50)	(8.97)	(5.90)	(22.47)	(23.64)	13.52
3	કરવેરા પહેલાં ગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પહેલાં)	(13.50)	(8.97)	(5.90)	(22.47)	(23.64)	13.52
4	કરવેરા પછી ગાળા માટેનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ બાબતો પછી)	(12.18)	(1.77)	(7.89)	(13.95)	(25.37)	13.62
5	ગાળા માટેની કુલ વ્યાપક આવક (ગાળા માટેનો નફો/ (નુકસાન) (કરવેરા પછી) અને અન્ય વ્યાપક આવક (કરવેરા પછી) સહિત)	(12.18)	(1.77)	(27.03)	(13.95)	(47.02)	13.62
6	ભરપાઈ થયેલી ઇક્વિટી શેર મૂડી (દરેક શેરની દાર્શનિક કિંમત રૂ. ૧૦/-)	38.24	38.24	38.24	38.24	38.24	38.24
7	અન્ય ઇક્વિટી	-	-	-	-	-	388.93
8	શેર દીઠ કમાણી (દરેક રૂ. ૧૦/- ના શેર દીઠ) : (અ) મૂળભૂત શેરદીઠ કમાણી (બ) શેર દીઠ ધીમી કમાણી	(3.19) (3.19)	(0.46) (0.46)	(2.06) (2.06)	(3.65) (3.65)	(6.63) (6.63)	3.56 3.56

નોંધ : (૧) ઉપરોક્ત અનઓડિટેડ નાણાકીય પરિણામો કંપનીઝ એક્ટ ૨૦૧૩ ની કલમ ૧૩૩ અને કંપનીઓ (ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમો, ૨૦૧૫ ના નિયમ ૩ હેઠળ સમયાંતરે સુધારેલા ભારતીય એકાઉન્ટિંગ ધોરણો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે. **(૨)** ઉપરોક્ત અનઓડિટેડ નાણાકીય પરિણામોની સમીક્ષા ઓડિટ કમિટી દ્વારા કરવામાં આવી હતી અને ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ ના સંદર્ભમાં ડિરેક્ટર બોર્ડ દ્વારા રેકોર્ડ પર લેવામાં આવ્યા હતા. વૈધાનિક ઓડિટરોએ એક અયોગ્ય નિષ્કર્ષ વ્યક્ત કર્યો છે. **(૩)** કંપનીની વ્યવસાયિક પ્રવૃત્તિ રિયલ એસ્ટેટ મટિરિયલ્સમાં ટ્રેડિંગના એક જ ઓપરેટિંગ વ્યવસાય વિભાગમાં આવે છે. **(૪)** કંપનીના શેરધારકોએ ૨૭ મે, ૨૦૨૧ ના રોજ યોજાયેલી અસાધારણ સામાન્ય સભામાં ખાસ ઠરાવ દ્વારા, ૨૬ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ નાદારી અને નાદારી સંહિતા (સુધારા) વટહુકમ, ૨૦૨૧ દ્વારા સુધારેલા નાદારી અને નાદારી સંહિતા, ૨૦૧૬ ની કલમ ૫૪ સાથે વાંચીને પૂર્વ-પેકેજ્ડ નાદારી ઠરાવ પ્રક્રિયા શરૂ કરવાના કાર્યક્રમને મંજૂરી આપી છે. નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, અમદાવાદ-એ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ ઠરાવ યોજનાને મંજૂરી આપતો આદેશ પસાર કર્યો છે. આદેશ અનુસાર, કંપની જોડાણ સહિત વૈધાનિક, નાણાકીય અને કાર્યકારી ઔપચારિકતાઓ પૂર્ણ કરવાની પ્રક્રિયામાં છે. **(૫)** વર્તમાન સમયગાળાના વર્ગીકરણની પુષ્ટિ કરવા માટે, જ્યાં જરૂરી હોય ત્યાં, અગાઉના સમયગાળાના આંકડાઓનું પુનઃગઠન / પુનઃવર્ગીકરણ કરવામાં આવ્યું છે.

જીસીસીએલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ પ્રોજેક્ટ્સ લિમિટેડ માટે
સહી/-
અમમ શ્રેયાંસ શાહ

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૬.૧૦.૨૦૨૬
ડિરેક્ટર | [DIN : 01617245]